


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૧-૦૭-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૫,૧૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
✆ 95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ અષાઢ સુદ ૧૫ વર્ષ : ૨૮ અંક ૨૯૨

## બગોદરા ધંધુકા રોડ ઉપર આવેલા ફેદરા ગામના પાટીયા પાસે બનાવ

# લીલીયાથી સુરત જતી કારને અકસ્માત : ત્રણનાં મોત

### મોટા લીલીયાનો પરિવાર સુરત સ્થાયી થયેલો હોય જે પોતાના વતન અમરેલી નજીક મોટા લીલીયા ગયો હતો ત્યાંથી પરત ફરતા ધંધુકા બગોદરા વચ્ચે વખતપુર પાટિયા નજીક બનાવ

### કાર ૩૦ ફુટ ઉંડા પાણી ભરેલા ખાડામાં ખાબકી : બે ને ઇજા થતા અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયાં : લીલીયા અને સુરતમાં અકસ્માતની જાણ થતા ઘેરા શોકની લાગણી છવાઇ

વઢવાણ,બગોદરા ધંધુકા રોડ ઉપર આવેલા ફેદરા ગામના પાટીયા પાસે વખતપુર પાસે કારના ડાઈવરે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા ૩૦ફુટ ઉંડા ખાડામાં પડેલી કારનામાં બેઠેલા ત્રણ વ્યક્તિઓના મોત નીપજ્યા હતા ત્યારે બે વ્યક્તિઓને ગંભીર હાલતમાં હાલમાં અમદાવાદ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.અકસ્માતમાં મૃતકો અંજવાળીબેન દુધાત ઉ.વ.૫૫,બચુભાઈ ગોવિંદભાઈ કાછડીયા ઉ.વ.૫૦, મગનભાઈ દુધાત ઉ.વ.૬૦,રહે મોટા લીલીયા (અમરેલી) હાલ.સુરતના મોંત થયા છે.જયારે ૠત્વિકભાઈ ઉ.વ.૪૫, નિકિતાબેન ઉ.વ.૪૨ને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડાયા છે.મોટા લીલીયાનો પરિવાર સુરત સ્થાયી થયેલો હોય જે પોતાના વતન અમરેલી નજીક મોટા લીલીયા ગયો હતો ત્યાંથી પરત ફરતા ધંધુકા બગોદરા વચ્ચે વખતપુર પાટિયા નજીક અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પાણીમાં ખાબકી હતી.

## લાઠીનાં ચાવંડમાં મંદિરમાં તસ્કરો ત્રાટ્યાં

### દાનપેટીમાંથી રોકડ રૂા. ૨૫ થી ૩૦ હજારની ચોરીની ફરિયાદ

અમરેલી,લાઠી તાલુકાનાં ચાવંડ ગામે કુળદેવી પીઠડ માતાજીનાં મંદિરમાં પ્રવેશી કોઇ શખ્સોએ દરવાજો ખોલી તા.૧૬-૭નાં ધોળા દિવસે દાનપેટીમાંથી રકડ રૂા.૨૫ થી ૩૦ હજારની ચોરી કરી લઇ ગયાની જીલુભાઇ બાવભાઇ ડેરે લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## -:: જાહેર હરરાજી ::-

આથી ભંગારના જુના મોટરસાયકલ વાહનો ખરીદવામાં રસ ધરાવતાં GST ધારક વેપારીઓને જણાવવાનું કે, અમરેલી સીટી પો.સ્ટે.માં માનનીય કોર્ટ દ્વારા ખાલસા કરેલ કુલ ૧૨ મોટરસાયકલો તથા ઓટો રીક્ષા - ૦૧ ની હરરાજી તા.૨૫/૭/૨૦૨૪ ના રોજ સવારના કલાક ૧૧/૦૦ વાગ્યે અમરેલી સીટી પો.સ્ટે.ના ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલ છે. આ હરરાજીમાં રસ ધરાવતાં વેપારીઓએ હરરાજીના સમય પહેલા રૂા.૧૦,૦૦૦/- રોકડા ડીપોજીટ ભર્યેથી હરરાજીમાં ભાગ લઇ શકાશે. વેપારીઓએ ઉપજેલ રકમની GST રકમ ચુકવ્યા બદલ પાવતી રજુ કર્યેથી વાહનોનો હવાલો મળવા પાત્ર થશે. હરરાજી કરવાના વાહન અમરેલી સીટી પો.સ્ટે.માં જોઇ શકાશે. હરરાજી મંજુર રાખવી કે નહી તેનો અબાધિત અધિકાર હરરાજી કરનાર સક્ષમ અધિકારીનો રહેશે. વધુ વિગતો માટે રૂબરૂ અથવા ફોન નં. (૦૨૭૯૨-૨૨૩૫૫૦) ઉપર સંપર્ક કરવો.

સ્થળ : અમરેલી સીટી પોસ્ટે.
તા.૨૦/૭/૨૦૨૪

સહી
(એ.એમ.પરમાર)
પોલીસ ઇન્સપેક્ટર
અમરેલી સીટી પો.સ્ટે.







## અમરેલી જિલ્લામાં હળવો ભારે વરસાદ

અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લામાં હવામાન વિભાગની આગાહીનાં પગલે વરસાદી વાતાવરણ વચ્ચે વડીયા અને ખાંભામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો જયારે અન્યત્ર હળવા ભારે વરસાદનાં ઝાપટાઓ પડ્યાં હતાં. વરસાદી વાતવરણ જોતા અમરેલી જિલ્લામાં વરસાદ તુટી પડશે તેવું વાતાવરણ સર્જાય છે પરંતુ મનમુકીને મેઘરાજા વરસતા નથી.

અમરેલી જિલ્લા ફ્લડ કન્ટ્રોલ રૂમમાં નોંધાયેલ વરસાદમાં વડીયા ૧૫ મીમી, ધારી ૬ મીમી, ખાંભા ૧૨ મીમી, વડીયા ૪ મીમી, રાજુલા ૧૦ મીમી, અમરેલી ૧ મીમી વરસાદ નોંધાયો હતો.















મોર જા જે આથમણે દેશ મોર જા જે ઉગમણે દેશ વળતો જા જે રે... વેવાયુના માંડવે રે...

# વિજપડીના શ્રી ધકાણ પરિવારમાં ભવ્ય લગ્નોત્સવ યોજાયો

## ચિ. ચાર્મિના શુભવિવાહ ચિ. દેવિક સાથે તથા ચિ. દિપના શુભવિવાહ ચિ. વિધિ સાથે યોજાયા : સ્નેહીઓએ નવદંપતિઓને શુભકામનાઓ પાઠવી

## વિજપડીના શ્રી કાળુભાઇ ધકાણ અને કુંકાવાવના શ્રી પરેશભાઇ થડેશ્વર પરિવાર તથા રાજકોટના શ્રી હિતેશભાઇ ચલ્લા પરિવારમાં શુભ અવસર સંપન્ન
















અમરેલી,

મુળ વિજપડી નિવાસી હાલ સુરત સ્થિત શ્રી કાળુભાઈ બાબુભાઈ ધકાણ પરિવારમાં શુભ અવસર રાજકોટના નિરાલી રિસોર્ટ તથા શ્રી મોહનભાઈ હોલ ખાતે ખાતે યોજાયો હતો.

વિજપડી નિવાસી હાલ સુરત સ્વ. દિવાળીબેન તથા સ્વ. તુલસીભાઈ હમીરભાઈ ધકાણની પૌત્રી અને અ.સૌ.નિરૂપાબેન તથા શ્રી જીતેન્દ્રભાઈ તુલસીભાઈ ધકાણની સુપુત્રી ચિ.ચાર્મીના શુભલગ્ન કુંકાવાવ વાળા હાલ રાજકોટ અ.સૌ. મંજુલાબેન તથા શ્રી હરિભાઈ પરશોતમભાઈ થડેશ્વરના પૌત્ર તથા અ.સૌ. નિલમબેન અને શ્રી પરેશભાઈ હરિભાઈ થડેશ્વરના સુપુત્ર ચિ. દેવિક સાથે તા. ૯-૭-૨૪ના રોજ યોજાયા હતાં.

સ્વ. દિવાળીબેન તથા સ્વ. તુલસીભાઈ હમીરભાઈ ધકાણની પૌત્રી અને અ.સૌ.નિરૂપાબેન તથા શ્રી જીતેન્દ્રભાઈ તુલસીભાઈ ધકાણના સુપુત્ર ચિ. દિપના શુભ વિવાહ વડીયાવાળા હાલ રાજકોટ સ્વ. લીલાવંતીબહેન તથા સ્વ. નાનાલાલ લક્ષમણભાઈ ચલ્લાના પૌત્રી તથા અ.સૌ. સોનલબહેન અને શ્રી હિતેશભાઈ નાનાલાલ ચલ્લાની સુપુત્રી ચિ. વિધિ સાથે સંપન્ન થયા હતા.

શ્રી કાળુભાઈ ધકાણ પરિવારનાં આંગણે યોજાયેલા શુભલગ્નોત્સવ દરમિયાન શ્રી કાળુભાઈ ધકાણ અને તેમના વેવાઈ શ્રી ભુપતભાઈ ધોરડા રાજકોટએ પ્રસંગ દરમિયાન એક ચા ની પ્યાલીમાંથી સાથે ચા પીતા વેવાઈની મોજ કેવી હોય તે સૌ જોઈ રહ્યાં હતાં

આ પ્રસંગે શ્રી કાળુભાઈ ધકાણ પરિવારના વિજપડીના શ્રીજી જવેલર્સ , રાજસ્વી જવેલર્સ, રાજસ્વી ગોલ્ડ સુરત, ટ્રિકલ ડાયમંડ એન્ડ જવેલરી સુરત દ્વારા યોજાયેલા લગ્નોત્સવમાં શ્રી ધકાણ તથા શ્રી થડેશ્વર અને શ્રી ચલ્લા પરિવારના સગા સ્નેહીઓ અને પરિવાર જનોએ ઉપસ્થિત રહી નવદંપતિને આર્શિવચન પાઠવ્યા હતાં, અને પોતાની ખુશી વ્યકત કરી હતી.


**મકાન વેચવાનું છે**

વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો પી.સી.પરમાર (નિવૃત મામલતદાર) (દલાલ ભાઇઓ આવકાર્ય છે)

સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**જમીન વેચવાની છે**

હાઇવે ટચ મકાન સાથેની ખેતીની જમીન વેચવાની છે

સંપર્ક : મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

**અમરેલી તથા સુરત**

ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ

સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઈટી

સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.

મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

**ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ**

ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)

ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)

Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

**" ગન (બંદૂક) વેચવાની છે "**

૧૨ બોર, સિંગલ બેરલ, બી.એલ.ગન; પાક રક્ષણ કે સ્વરક્ષણ હેતુ માટે, લાયસન્સ ધરાવતી વ્યક્તિઓ અને સિક્યુરીટીનું કામ કરતી વ્યક્તિઓને ઉપયોગી;

સંપર્ક : મો.૭૯૯૦૫ ૫૭૧૦૨

**" વેચવાની છે "**

અમરેલી તાલુકાના ગાવડકા ગામની, અમરેલી-બગસરા-જુનાગઢ રાજ્ય ધોરી માર્ગ - ઉપર મોકાની અને, ચાલુ ખેતીની ૫+(પાંચ+) જુના ગાયકવાડી વિઘાની જુની શરતની ખેતીની જમીન;

સંપર્ક : મો.૭૯૯૦૫ ૫૭૧૦૨

**" ભાડે આપવાનું છે "**

અમરેલી, ચિતલ રોડ ઉપર, નુતન હાઇસ્કૂલ પાસે, શિવપાર્ક જેવા પોશ અને શાંત વિસ્તારમાં, મેઇન રોડ ઉપર, 'ગ્રાઉન્ડ ફ્લોર' નું, ત્રણ રૂમ અને કિચનવાળુ મકાન;
(૧) દરેક રૂમ-સીલીંગ પંખા; એક ૧.૫ T સ્પ્લીટ એસી; વિન્ડો મોસ્કવીટો નેટ; કબાટ; રાઇટીંગ ટેબલ-ખુરશી; બાથરૂમ-ટોઇલેટ ગરમ પાણીના ગેસ ગીઝર સાથે;
(૨) રસોડુ-૧૫'X૧૨' સાઇઝનું વિન્ડો મોસ્કવીટો નેટ, સીલીંગ ફેન, એક્ઝોસ્ટ ફેન,LPG કનેકશન, નાનુ ફ્રીઝ,
(૩) પાર્કિંગ; ગાર્ડન-ઝુલા વાળુ પાકુ ફળીયુ, ૨૪ કલાક પાણી-વિજળી; તથા સીસીટીવી કેમેરા સાથે.
(૪) બેંક/સરકારી ઓફીસરને સ્યુટેબલ.

સંપર્ક : મો.૭૯૯૦૫ ૫૭૧૦૨

**" સબમર્સીબલ મોટર વેચવાની છે "**

(૧) સિંગલ ફેઝ, ૨ હો.પા. - ૨૦ સ્ટેજની ''ફાલ્કન'', ઘર વપરાશનાં ઉપયોગની, નવી અને માત્ર ૨૬ દિવસ વાપરેલી ઇલે. મોટર; ''વિમલ'' કેબલ-૨.૫ એમ.એમ.-૧૧૧ મીટર સાથે;;
(૨) ૧૦૧ મીટર કાળા ડંડા પાઇપ તથા,
(૩) "L&T પેનલ બોર્ડ", સ્ટાર્ટર, મેઇન સ્વીચ, ફ્યુઝ વિગેરેનાં સંપુર્ણ વાયરીંગ સાથે.

સંપર્ક : મો.૭૯૯૦૫ ૫૭૧૦૨

**ભાડે / વેચાણથી આપવાની છે**

અમરેલીના, 'નવા નાગનાથ બસ-સ્ટેન્ડ' જેવા 'પ્રાઇમ લોકેશન' ઉપર, 'આકાર કોમ્પલેક્ષ' ના પ્રથમ માળે, કાટખુણાની, પુર્વ દિશાના પ્રવેશ અને ઉતર-પશ્ચિમની બારીઓ સાથે, ૮' X ૧૫' ની સાઇઝની, વાસ્તુ મુજબની, ખુબ જ 'મોકાની ઓફીસ', ન્યાય કોર્ટ / તમામ સરકારી કચેરીઓની, સામે (તદન નજીક)

સંપર્ક : મો.૭૯૯૦૫ ૫૭૧૦૨

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

મહેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાયચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ▪ ફરસાણ
▪ 3 શાક ▪ દાળ-ભાત ▪ રોટલી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
દરરોજ સાંજે... 3 શાક ▪ કઢી - ખીચડી
▪ રોટલી - રોટલા ▪ ભાખરી ▪ છાશ ▪ પાપડ ▪ સલાડ
૧૯૯૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

એલર્જી - શ્વાસ - કફ
સ્પાયરોમેટ્રી સુવિધા
ડો. ડબાવાલા
ફેફસાના નિષ્ણાંત
અમરેલી. ફો.૨૨૩૦૧૫ (૪૪ વર્ષથી)

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૧-૦૭-૨૦૨૪ રવિવાર

# કર્ણાટકની પ્રાદેશિક વાડાબંધી અને નોકરીમાં અનામત આખરે તો રાજકીય જ નડશે

કર્ણાટકમાં લોકપ્રિયતાની હોડમાં સિદ્ધરામૈયા વિચાર્યા વગરના એવા પગલા લઈ રહ્યા છે જે અવ્યવહારુ છે. આપણા રાજકારણીઓ દેશની એકતા અને અખંડિતતાની મોટી મોટી વાતો કરે છે, બધાં ભારતીયો એક હોવાની રેકર્ડ છે પણ મૂળભૂત રીતે એ લોકો કૂવામાંના દેડકા જેવા છે અને તેમની માનસિકતા એકદમ સંકુચિત છે. કારણે મતબેંક માટે આ બધી વાતોને માળિયા પર ચડાવી દેવામાં તેમને જરાય શરમ નથી નડતી. કર્ણાટક સરકારે ખાનગી કંપનીઓમાં ૧૦૦ ટકા નોકરીઓ સ્થાનિક લોકો માટે અનામત રાખવાનું ઊભું કરેલું તૂત તેનો તાજો પુરાવો છે.

કર્ણાટકની સિદ્ધરામૈયા સરકારે હમણાં નિર્ણય લીધો હતો કે કર્ણાટકમાં ખાનગી કંપનીઓમાં ગ્રુપ સી અને ગ્રુપ કેટેગરીની તમામ માત્ર ને માત્ર કન્નડિગાને જ આપી શકાશે. મતલબ કે ત્રીજા અને ચોથા વર્ગની તમામ નોકરીઓ સ્થાનિક લોકો માટે અનામત રહેશે અને માત્ર ને માત્ર કન્નડ લોકોને નોકરીએ રાખી શકાશે, બીજા રાજ્યના કોઈ માણસને નોકરીએ નહીં રાખી શકાય.

સિદ્ધરામૈયા સરકારે નિર્ણય લીધો કે, પ્રાઈવેટ કંપનીના મેનેજમેન્ટ લેવલમાં પણ ટકા નોકરીઓ માત્ર કન્નડ લોકો માટે અનામત રહેશે. નોન-મેનેજમેન્ટ ૭૫ ટકા હોદ્દા પણ કન્નડિગા માટે અનામત રહેશે. આ મુદ્દે ભારે વિરોધ થતાં કર્ણાટક સરકારે નાકલીટી તાણીને આ નિર્ણય પાછો ખેંચી લેવો પડ્યો છે પણ આ નિર્ણયે નેતાઓની હલકી માનસિકતાને છતી કરી દીધી છે.

કોંગ્રેસ સરકારે આ નિર્ણય લીધો પણ હલકી માનસિકતામાં ભાજપ પણ પૂરો ભાગીદાર છે. સિદ્ધરામૈયા સરકારે આ અંગેનું બિલ લાવવાનું એલાન કર્યું ત્યારે ભાજપે તેને ટેકો આપવાની જાહેરાત કરેલી. આ નિર્ણયનો ભારે વિરોધ થયો એટલે સરકારે નિર્ણય પરત ખેંચવો પડ્યો તો ભાજપે ચીમકી આપી છે કે, આ બિલ પસાર નહીં કરાય તો આખા રાજ્યમાં ઉગ્ર વિરોધ નીકળશે ને કર્ણાટક સરકારે તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડશે.

ભાજપ અને કોંગ્રેસ બંને પોતાને રાષ્ટ્રીય પક્ષ ગણાવે છે પણ બંનેની માનસિકતા પ્રાદેશિક પક્ષો કરતાં પણ ખરાબ છે તેનો આ પુરાવો છે. એ લોકોને દેશના બંધારણની કે દેશના બીજા લોકોના અધિકારોની કોઈ પરવા નથી પણ માત્ર ને માત્ર પોતાના સ્વાર્થની ચિંતા છે તેનો આ નાદાર નમૂનો છે. એ લોકો એકતા ને અખંડિતતાની વાતો કરે છે પણ વાસ્તવમાં આ બધી વાતોને અનુસરવામાં માનતા નથી. પોતાના સ્વાર્થ માટે આ બધી વાતોનું પડીકું કરી નાખતાં તેમને જરાય શરમ નથી આવતી. આ હલકી ને વાસ્તવમાં તો દેશવિરોધી માનસિકતાનું પ્રદર્શન કરવામાં તેમને જરાય છોછ નથી. પોતાના સ્વાર્થ ખાતર લોકોમાં ભેદભાવ કરવામાં તેમને કશું આડે આવતું નથી. ખાનગી કંપનીઓનાં અનામતના નિર્ણયની જાહેરાત કરતાં મુખ્યમંત્રી સિદ્ધરામૈયાએ કહ્યું હતું, કે, સરકારની ઈચ્છા છે કે કન્નડ લોકોને પોતાના વતનમાં જ આરામદાયક જીવન જીવવાનો અવસર મળે. અમારી સરકાર કન્નડ લોકોની સમર્થક સરકાર છે અને અમારી પ્રાથમિકતા કન્નડ લોકોનું કરવાની છે. ભલા માણસ, કન્નડ લોકોનું ભલું કરો તેમાં અમને કોઈ વાંધો નથી પણ તેના માટે દેશના બંધારણને મજાકરૂપ બનાવી દેવાનું?

આપણી કમનસીબી એ છે કે, આ દેશમાં આવા જ નમૂના ભર્યા પડ્યા છે કે જેમની બુદ્ધિ અનામતથી આગળ જતી નથી અને પોતાના સ્વાર્થ માટે કશું પણ કરતાં ખચકાટ થતો નથી. ખાનગી કંપનીઓમાં સ્થાનિક લોકોને અનામત આપવાનો નિર્ણય અગાઉ પણ ઘણો રાજ્ય સરકારો એ લીધો છે. કર્ણાટકમાં આવો ચોથી વખત પ્રયાસ થયો છે. પહેલાં ૨૦૧૪ અને ૨૦૧૭માં પણ સરકારે આવી જાહેરાત કરી હતી. છેલ્લે ઓક્ટોબર ૨૦૨૦માં યેદિયુરપ્પાની આગેવાની હેઠળની ભાજપ સરકારે ખાનગી નોકરીઓમાં ગ્રુપ સી અને ડીમાં સ્થાનિકોને ટકા અનામત આપવાની જાહેરાત કરી હતી પણ તેનો અમલ થઈ શક્યો નથી.

ચંદ્રાબાબુ નાયડુ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૧૯માં આંધ્ર પ્રદેશમાં ખાનગી નોકરીઓમાં સ્થાનિકોને ૭૫ ટકા અનામત આપવા માટે કાયદો બનાવાયો હતો. આંધ્ર પહેલું રાજ્ય હતું જ્યાં આવો કાયદો લવાયો હોય પણ હાઈ કોર્ટે તેને ગેરબંધારણીય ગણાવીને રદ કરી આંધ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. અત્યારે આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. ૨૦૧૯માં મહારાષ્ટ્રમાં પણ દેવેન્દ્ર ફડણવીસ સરકારે પણ આવી જાહેરાત કરી હતી અને વિધાનસભામાં બિલ લાવવાની પણ તૈયારી કરી હતી પણ પછી વિચાર માંડી વળાયો હતો. તેલંગાણામાં ઓગસ્ટ-૨૦૨૦માં, મધ્યપ્રદેશમાં ૨૦૧૯માં, હરિયાણામાં ૨૦૨૦માં, ઝારખંડમાં ડિસેમ્બર-૨૦૨૩માં આવો કાયદો પ્રયાસ કરાયો હતો પણ કોઈ રાજ્ય સફળ થયું નથી ને તેનું કારણ એ છે કે આ દેશમાં હજુ ન્યાયતંત્ર સાબૂત છે.

ખાનગી નોકરીઓમાં સ્થાનિક લોકો માટે અનામત રાખવાનો નિર્ણય બંધારણની તમામ લોકોને સમાન ગણવાની જોગવાઈઓનો જ ભંગ નથી કરતો પણ મેરિટોક્રસીના મૂળભૂત સિદ્ધાંતનો પણ છેદ ઉડાવી દે છે. મેરિટોક્રસી લાયકાતના ધોરણે જ નોકરીની તક આપવાની વ્યવસ્થા. આપણી કમનસીબી એ છે કે, નેતાઓ મેરિટોક્રસીમાં માનતા નથી અને રાજકીય સ્વાર્થના કારણે બંધારણની પણ ઐસીતૈસી કરી નાખવામાં તેમને કોઈની શરમ નથી નડતી.

આ દેશના રાજકારણીઓને મતબેંક સિવાય કશું દેખાતું જ નથી. તેના માટે લોકોમાં ભાગલા પાડવા પડે તો ભાગલા પાડવામાં ને લડાવવા પડે તો લડાવવામાં પણ તેમને વાંધો નથી. આવી હલકી માનસિકતા ધરાવતા હોય તેમને લાયકાત કે ગુણવત્તાની ચિંતા હોય એવી અપેક્ષા તો રાખી જ ના શકાય. ચંદ્રાબાબુથી માંડીને સિધ્ધરામૈયા સુધીના મુખ્યમંત્રી આ હલકી માનસિકતાનું પ્રદર્શન કરી ચૂક્યા છે.

'આ દેશનું બંધારણ બધાંને સમાન ગણે છે ને દેશનું બંધારણ દેશના નાગરિકને દેશના ગમે તે ખૂણામાં નોકરી કરવાનો અધિકાર આપે છે. દેશનાં બધાં રાજ્યોમાં તમામ નાગરિકોને નોકરી કરવાનો અધિકાર છે જ. આ રાજકારણીઓ આ અધિકાર છીનવી લેવા નિકળ્યા હતા. પોતાનું રાજ્ય પોતાના બાપની મિલકત હોય એ રીતે તેમણે પોતાનાં માટે અલગ કાયદો બનાવી નાંખેલો. આપણું ન્યાયતંત્ર સાબૂત છે તેથી બેશરમ મન મારીને કાબૂમાં રહેવું પડે છે પણ આ પ્રકારના નિર્ણયોની અસરો વિશે લોકોએ વિચારવાની જરૂર છે. આ પ્રકારની હરકતો દેશની એકતાને તોડી નાખશે. આજે સિદ્ધરામૈયાએ આ ફતવો બહાર પાડ્યો, કાલે બીજું કોઈ રાજ્ય આવો ફતવો બહાર પાડે ને પછી ધીરે ધીરે બધાં રાજ્યો એ તરફ વળે તો શું થાય એક રાજ્યનાં લોકોને બીજા રાજ્યમાં કશું કરવાની છૂટ જ ન હોય. દરેક રાજ્ય પ્રદેશવાદના વાડામાં વહેંચાઈ જાય ને એકતાની વાતો ને બંધારણ કાગળ પર જ રહી જાય. આપણે આવું ભારત જોઈએ છે?

## અમરેલી જિલ્લામાં કમોતના વધુ બે બનાવો

# ધારીના દલખાણીયામાં પરિણીતાનું અને રાજુલામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતાં મોત

### બન્ને બનાવોમાં અલગ અલગ ધારી અને રાજુલા પોલીસ મથકમાં પોલીસ દ્વારા જાહેર કરવામાં આવ્યું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી જિલ્લામાં દિન પ્રતિદિન કમોતના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં ધારીના દલખાણીયામાં પરિણીતાનું તેમજ રાજુલામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતાં મોત નિપજયું હતું. ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતી રમાબેન ગોરખભાઈ મકવાણા કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઘંઉમાં નાખવાની ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું વિસાલભાઈ ગોરખભાઈ મકવાણાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં રાજુલા બ્રાહ્મણસોસાયટી રેલ્વે સ્ટેશન પાછળ રહેતાં રાજેશકુમાર દામોદરદાસ ઝગડા ઉ.વ.૫૫ છેલ્લા પાંચ કે છ મહિનાથી માનસિક તણાવ અને ઉપાધીમાં રહેતાં હોય અને જવેલર્સની દુકાનના ધંધામાં પણ આર્થિક મંદીઅને સંક્રામણ હોય જેનાથી કંટાળી જઈ તા.૧૯-૭ના રાત્રીના અઢી વાગ્યા આસપાસ પોતાના ઘરે પોતે પોતાની મેળે કોઈ ઝેરી દવા પી લેતા રાજુલા સદવિચાર હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મોત નિપજયાનું અર્જુનભાઈ રાજેશકુમાર ઝગડાએ રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલીના મોટા માચીયાળા ગામે પરિણીતાને પતિ અને સાસુએ મારમાર્યો

### પતિ અને સાસુએ પાઇપ અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામે રહેતી પ્રભાબેન મનોજભાઈ ચાવડાને પતિ મનોજ લક્ષમણભાઈ, સાસુ શારદાબેન લક્ષમણભાઈ ચાવડાએ ગાળો બોલતાં ગાળો બોલવાની ના પાડતાં પતિ મનોજે પ્લાસ્ટીકનો પાઈપ ડાબા હાથના કાંડા ઉપર તથા કપાળ ઉપર મારમારી સાસુ શારદાબેને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી નજીક શેડુભારમાં પાનની દુકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો

### સટ્ટર તોડી દુકાનમાંથી રોકડ, બીડી, માવા મળી રૂા.૩૩૦૦ની ચોરી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના શેડુભાર ગામે આવેલ શ્રીજી પાનસેન્ટર દુકાનમાં કોઈ તસ્કરોએ તા.૧૨-૭ના મોડી રાત્રીથી ૧૩-૭ના વ્હેલી સવાર દરમિયાન સટ્ટર વચ્ચે કોઈ લોખંડના હથિયારથી લાગ કરી સટ્ટર ઉચકાવી દુકાનના ગલ્લામાંથી રોકડ રૂા. ૧૫૦૦, ૮૦ જેટલા માવા તેમજ બીડીની જુડીના બે બાંધાઓ મળી રૂા.૧૮૦૦ મળી કુલ રૂા. ૩૩૦૦ની ચોરી કરી બાજુની રાજુભાઈની મારૂતિ પાનની દુકાનનું સટ્ટર વચ્ચેથી તોડવાની કોશિષ કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલા શહેરમાં ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે ઝડપી પાડયો

### ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ રૂા.૧૦,૭૪૦નો મુદામાલ કબ્જે કરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

સાવરકુંડલા ખાદી કાર્યાલય પાછળ રહેતાં દિલાવર ઉર્ફે દિપો મહેબુબભાઈ પરમારને તેમના રહેણાંક મકાનમાં જુદી જુદી બ્રાન્ડનો ઈંગ્લીશ દારૂ ૩૬ બોટલ રૂા. ૧૦,૭૪૦ના મુદામાલ સાથે પો.કોન્સ. હર્ષદભાઈ ચોટલીયાએ ઝડપી પાડયો હતો.

## કુંડલા કોર્ટમાં ફોજદારી અપીલમાં હાજર ન થતાં પ્રૌઢની સામે ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા એડી. સેશન્સ કોર્ટના ફોજદારી અપીલ નં. ૩૮/૨૦૨૩ તેમજ ફોજદારી અપીલ નં.૧૬/૨૦૨૪ ચાલુ હોય જેમાં લીલીયા તાલુકાના પીપળવા ગામના રાજુ જીવાભાઈ બેરાહાજર ન રહેતાં કોર્ટ તરફથી ક્રિપ્રોકોની કલમ ૮૨ મુજબ જાહેરનામુ બહાર પાડવા છતાં હાજર ન રહેતાં સાવરકુંડલાના પીઆઈ ડી.કેવાઘેલાએ સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલાના દોલતી ગામે યુવતિ ગુમ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના દોલતી ગામે રહેતી યુવતિ તા.૨૦-૫ના રાત્રીથી તા.૨૧-૫ના વ્હેલી સવાર દરમિયાન ઘરેથી કોઈને જાણ કર્યા વગર ગુમ થયાનું યુવતિના પિતાએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કર્યુ છે.

## અમરેલી નજીક લાલાવદરમાં બાઇક ઉપર વૃક્ષ તુટી પડતાં યુવાનને ઇજા

### ગંભીર ઇજા થતાં રાજકોટ ખાનગી દવાખાને ખસેડાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી તાલુકાના લાલાવદર ગામે ઈકબાલભાઈ આદમભાઈ અબડા તથા સાયઈમભાઈ જુબેરભાઈ સિરમાન અમરેલી ખાતે આવેલ ડિલીવરી સ્મોલ વર્લ્ડ કંપનીમાં ડિલીવરી બોય તરીકે નોકરી કરતાં હોય તા.૧૫-૭ના રાત્રીના ૧૦-૩૦ કલાકે બન્ને બાઈક લઈને અમરેલીથી લીલીયા જતાં હોય તે દરમિયાન લાલાવદર ગામે પહોંચતા વરસાદના કારણે રસ્તાની બાજુમાં આવેલ પીપળાનું ઝાડ બાઈક ઉપર પડતાં ઈકબાલભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે રાજકોટ ઓમેગા હોસ્પિટલમાં ખસેડાયાનું સોહીલભાઈ જુબેરભાઈ સિરમાને અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## લીલીયામાં ટ્રાફિકને અડચણરૂપ બે વાહન ચાલક અને એક લારી ધારક સામે ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લીલીયા શહેરમાં નાવલી બજારમાં જનકભાઈ જીણાભાઈ સાથળીયા હોન્ડા સાઈન જીજે ૦૧ એલએન ૭૫૮૨ તથા વિજયભાઈ જસુભાઈ મહેતા શાકભાજીની લારી જાહેરમાં ટ્રાફિકને અડચણરૂપ રાખતાં તેમજ પીપળવા રોડ આંબેડકર સ્ટેચ્યુ વાળા ચોક પાસે મોસીનભાઈ રહીમભાઈ ચૌહાણ સ્પ્લેન્ડર પ્લસ જીજે ૧૪ બીએફ ૩૧૩૬ ટ્રાફિકને અડચણરૂપ રાખતાં લીલીયા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ખંભાળીયાથી અમરેલીને જોડતો રોડ પાકો બનાવવા અને

# અમરેલીના નોન પ્લાનિંગ રસ્તાઓ પાકા બનાવવા મંજુરી આપવા માંગ

### શ્રી કૌશિક વેકરીયાને પત્ર પાઠવતાં શ્રી સંદિપ ધાનાણી

અમરેલી,

અમરેલી શહેરમાં આવેલ ખંભાળીયાથી અમરેલીને જોડતો રોડ પડશાલા ગેસ એજન્સીના ગોડાઉનથી ખંભાળીયા ગામનો કાચો માર્ગ છે. તેને પાકો બનાવી અમરેલીથી ખંભાળીયાના રહીશોને વાહન વ્યવહાર સરળ બનાવવા અને અમરેલીથી દેવરાજીયાનો જુનો માર્ગ અમરેલી બાયપાસ હરિઓમ મિલ સામેથી દેવરાજીયા સુધીનો માર્ગ નોન પ્લાનિંગ છે. તેને પાકો બનાવી ખરાબ રસ્તાની હાલત સુધારવા અને સારા રોડની સુવિધા આપવા મંજુરી માટે નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયાને પત્ર પાઠવી રજુઆત કર્યાનું કોંગ્રેસના શ્રી સંદિપ ધાનાણીએ જણાવ્યું છે.

## અમરેલી જિલ્લામાં લૂંટેરી દુલ્હન તેમજ દલાલો સામે ચિટીંગની ફરિયાદ દાખલ કરવા માંગણી

### બગસરા ગામના રાજેન્દ્રભાઇ જોગેલે પીઆઇને અરજી પાઠવી રજુઆત કરી

અમરેલી,


બગસરાના જુની ગંજીવાડા વિસ્તારમાં રહેતા રાજેન્દ્રભાઈ જોગેલે બગસરા સિટી પોલીસ મથકના પીઆઈને અરજી પાઠવી લુંટેરી દુલ્હન તેમજ દલાલો સામે ચિટીંગની એફઆઈઆર કરવા જણાવ્યું છે કે અમો એ દલાલ દિનેશભાઈ સોની જે રાજકોટના ગુંદાવાડી વિસ્તારમાં રહેતાં હોવાનું જણાવ્યું અને તેઓએ આ ચિટીંગ કરી પૈસા પડવાનું કાવતરૂ તેણી સાથે ચિટીંગ બાજ જયોતિબેન સોનગઢ ધરમપુર વાળા જે ટેલિફોનીક દ્વારા સામાજિક કાર્યકર મનસુખભાઈ રાઠોડ રામોદવાળાઓએ માનવતા થી આ બધા આરોપી સાથે ટેલીફોનીક વાતચીત કરેલ તે ઓડિયો કલીપ મનસુખભાઈ રાઠોડ નામની યુટયુબ ચેનલ ઉપર વાયરલ કરવામાં પણ આવી હતી. તેમજ દિનેશભાઈ દલાલે એમના કુટુંબની દિકરી શિલ્પાબેન અનિલભાઈ સોલંકીને બગસરા અમારા ઘરે હિંદુ વિધી પ્રમાણે ઘર આંગણે લગ્ન કરેલ અને અમારી સાથે ચિટીંગ કરી રૂપિયા દોઢ લાખ પડાવી લેવામાં આવેલ છે. આવા ચિટીંગ બાજો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તો અનેકની જીંદગી બચી શકે જયોતિબેનેએ ટેલીફોન વાતચીત ઉપર ફ્રોડ કરવા માટે ફરિયાદીના પિતા ટપુભાઈ જોગેલની દિકરી બનીને ફરિયાદીને ફસાવવામાં આવેલ અને જયોતિબેનની ઓડિયો કલીપ સાંભળવામાં આવે તો સત્ય હકીકત બહાર આવશે. જયોતિબેનના મો. નં.૯૮૯૮૩૦૨૮૨૨ છે. તેમજ તેમણે મારી સાથે હિંદુ ધર્મલગ્ન ગ્રંથીથી પત્ની તરીકે શિલ્પાબેન અનિલભાઈ સોલંકીનું આધારકાર્ડ બતાવવામાં આવેલ છે તે વંથલીના ખોરાસાનું દર્શાવવામાં આવેલ છે અને ખોટા ડોકયુમેન્ટ તેમજ ખોટા લગ્નનો કરાર કરવામાં આવેલ તેમાં પણ ખોટા ડોકયુમેન્ટ રજુ કરેલ છે. તે લગ્ન ગ્રંથીનો કરાર કરી આપેલ છે. એ પણ ભરૂચનું સરનામુ દર્શાવામાં આવેલ છે તે કરારની નકલ પણ ફરિયાદ સાથે જોડી છે. અને પત્નિ સીલ્પાબેન અનિલભાઈ સોલંકીનો મો.નં.૯૦૨૩૯૬૩૫૯૩ હોવાનું રજુઆતમાં રાજેન્દ્રભાઈ ટપુભાઈ જોગેલે જણાવી એફઆઈઆર નોંધવા માંગ કરી છે. અગાઉ પણ વડીયાના સુર્યપ્રતાપ ગઢ ગામે આવો જ બનાવ બનેલ હતો. જેમાં પોલીસે તમામ આરોપીને જેલમાં મોકલેલા તેથી આ આરોપીઓ સામે પણ કડક પગલા લેવા માંગ કર્યાનું જણાવ્યું છે.

## વલસાડ અને સુરત સ્ટેશન વચ્ચે માલગાડી પાટા પરથી ઉતરી મુંબઇ-અમદાવાદ રેલ્વે ટ્રેકને અસર



## ગ્રહોની ચાલ






રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૧.૭.૨૦૨૪ રવિવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ પૂનમ, વ્યાસ પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા, ઉત્તરાષાઢા નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બાલવ કરણ આજે સવારે ૭.૨૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે.

### ૨૧ જુલાઈ ૨૦૨૪ રવિવારને ગુરુ પૂર્ણિમા શુભ દિન છે

આજરોજ ૨૧ જુલાઈ ૨૦૨૪ રવિવારને ગુરુ પૂર્ણિમા શુભ દિન છે. આ શુભ દિને મહર્ષિ વેદ વ્યાસનો જન્મ થયો હતો અને ત્યારથી આ દિન ગુરુને અર્પિત કરવામાં આવ્યો છે. સમગ્ર વિશ્વમાં ભારતવર્ષમાં જ આ ગુરુ શિષ્ય પરંપરા ષિકાળથી ચાલી આવી છે અને ગુરુને ઈશ્વરથી પણ ઉંચો દરજ્જો આપવામાં આવ્યો છે આ પવન દિને ગુરુના આશીર્વાદ લઈ જીવનમાં આગળ વધવા માટેનો શ્રેષ્ઠ દિવસ છે. ગુરુ પ્રત્યે અહોભાવ પ્રગટ કરી ગુરુના જીવનમાં જે શિષ્ય આનંદ આપવાનો પ્રયાસ કરે છે તે સો ટકા જીવનમાં સફળ થાય છે. ગોચર ગ્રહોની વાત કરીએ તો બુધ મહારાજ કેતુના નક્ષત્ર મઘામાં આવી ગયા છે જેની અસર શેરબજાર થી માઈક્રોસોફ્ટ સુધી જોવા મળી તો બુધ ઉદ્યોગપતિ પણ દર્શાવે છે રાજા સૂર્યના



ઘરમાં કેતુના નક્ષત્રમાં હોવાથી શીર્ષસ્થ ઉદ્યોગપતિઓ સરકાર સાથે ખટરાગમાં આવી શકે અને સૂર્ય સિંહમાં આવતા સરકાર કેટલીક તપાસ કરતી જોવા મળે તો આંતરરાષ્ટ્રીય બજારની અસર ભારતવર્ષની મોટી કંપનીઓ પર થાય અને કંપનીઓની લડાઈ ચરમસીમાએ પહોંચે તો કેટલાક આંતરરાષ્ટ્રીય આર્થિક કાવતરા સામે આવતા જોવા મળે અને કેટલાક આર્થિક ગોટાળાની અસર શેરબજાર થી લઈને સરકાર સુધી જોવા મળે જેથી એવો અનુભવ થાય કે આર્થિક બાબતોના તાર આંતરરાષ્ટ્રીય સ્તરે વિખેરાયેલા છે અને તેમાં ઘણી મોટી હસ્તીઓના હિત સમાયેલા છે પણ કેતુના નક્ષત્રમાં બુધ ઘણું બધું બહાર લાવે અને સરકાર ઘણા કડક નિર્ણય લેતી પણ જોવા મળે તો આર્થિક સુધારા ક્ષેત્ર ઘણા ફેરફાર અને બેન્કની ગાઈડલાઈન પણ જોવા મળે!

મેષ (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ, પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.
મિથુન (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મન નું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રો ને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
સિંહ (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કન્યા (પ,ઠ,ણ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદ માં પસાર કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
ધન (ધ,ભ,ફ,ઢ) : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
મકર (ખ,જ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.
કુંભ (ગ,સ,શ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
મીન (દ,ચ,ઝ,થ) : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## અમરેલી જિલ્લામાં વાહનચાલક સહિત ૯ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી પાડયા

### ૯ને નશો કરેલ હાલતમાં ઝડપી લઇ જેલની હવા ખવડાવી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી એક વાહનચાલક સહિત ૯ શખ્સોને નશો કરી ઢીંગલી થયેલી હાલતમાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી, સાવરકુંડલા, ધારી, સાવરકુંડલા રૂરલ, બગસરા, ડુંગર તેમજ દામનગર પોલીસ દ્વારા કર્યાવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમરેલી નાગરિક સહકારી બેન્કના સભાસદોએ પોતાની ભેટ મેળવી લેવી

### બેંકના ચેરમેનશ્રી જયેશભાઇ નાકરાણીનો અનુરોધ

અમરેલી, અમરેલી નાગરિક સહકારી બેંકના ચેરમેનશ્રી જયેશભાઈ નાકરાણીની યાદીમાં જણાવવામાં આવે છે કે, બેંકના સભાસદો કે જેમમે ચાલુ વર્ષની ભેટ લેવાની બાકી હોય તેઓને બેંક દ્વારા ભેટનું વિતરણ શરૂ કરવામાં આવેલ છે. અને ભેટ લેવાની મુદત વધારીને તા.૩૧-૮-૨૦૨૪ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. વધુમાં જે સભાસદોની ભેટ બાકી હોય તેમણે શેર સર્ટીફિકેટ અથવા સભાસદ આઈકાર્ડ લઈ બેંકમાં આવી સી-કેવાયસી કરાવી તેમની ભેટ મેળવી લેવી. સભાસદોએ સી-કેવાયસી માટે આધારકાર્ડ પાનકાર્ડ (અસલ અથવા ઝેરોક્ષ નકલ) તથા ૧- ફોટો લાવવાનો રહેશે. તેમ જણાવાયું છે.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૮૯૨ થી ૧૫૭૧ મગફળી ૧૦૬૧ થી ૧૨૭૦

*અમરેલી માર્કેટ યાર્ડ*
શિંગમઠડી-૯૮૫-૧૨૩૮
શિંગમોટી-૧૦૬૧-૧૨૭૦
મગ-૧૪૦૦-૧૫૯૫
તલસફેદ-૧૯૫૦-૨૬૯૫
તલકાળા-૨૬૨૫-૩૩૫૦
એરંડા-૧૦૦૦-૧૧૨૪
ઘઉંટુકડા-૪૭૬-૫૯૮
ઘઉંલોકવન-૪૭૨-૫૮૨
તુવેર-૧૧૦૦-૧૫૪૫
ચણા-૧૦૯૦-૧૨૪૪
કપાસ-૮૯૨-૧૫૭૧
જુવાર-૩૬૨-૮૩૫
જીરૂ-૩૮૩૦-૫૦૫૦
ધાણા-૮૧૦-૧૩૫૨
સોયાબીન-૭૫૫-૮૫૦
મેથી-૯૨૦-૧૧૦૬
ઈસબગુલ-૨૧૫૦-૨૧૫૦

અમરેલી માર્કેટયાર્ડ
બટેટા-૩૪૦-૫૨૦
રીંગણા-૬૦-૧૪૦
ફલાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૫૦૦-૬૦૦
ટમેટાં-૧૫૦૦-૧૭૦૦
ફોદીનો-૬૦૦-૭૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૨૦૦-૨૫૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૨૦૦-૧૪૦૦
દુધી-૧૪૦-૨૦૦
તુરીયા-૪૦૦-૫૦૦
ભીડો-૪૦૦-૬૦૦
આદુ-૧૫૦૦-૧૬૦૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૬૦૦-૭૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૬૦
મરચાલીલા-૬૦૦-૮૦૦

લસણસુકું-૨૦૦૦-૪૦૦૦
લીંબુ-૪૦૦-૬૦૦
પાલક-૬૦૦-૭૦૦

*રાજુલાયાર્ડ*
બાજરો-૪૬૫-૪૯૮
જુવાર-૪૦૦-૮૬૦
ધાણા-૧૮૨૬-૧૮૨૬
શીંગદાણા-૧૫૨૬-૧૫૨૬
ચણા-૧૧૨૫-૧૨૬૧
તલસફેદ-૨૨૬૦-૨૫૫૦
મગ-૧૩૫૧-૧૫૫૧
અજમા-૨૦૫૧-૨૦૫૧
રજકો-૩૮૦૦-૩૮૦૦
રાજગરો-૧૧૦૦-૧૧૦૦
સોયાબીન

મહુવાયાર્ડ
ઘઉં-૪૮૬-૫૫૪
ડુંગળીલાલ-૧૨૫-૫૭૩
ચોળી-૧૦૮૫-૧૦૮૫
તલસફેદ-૨૧૫૨-૨૪૭૨
જીરૂ-૩૭૬૦-૪૨૫૦
તલકાળા-૧૫૦૦-૧૫૦૦
ચણા-૪૦૦-૧૨૩૪
નાળીયેર-૫૫૧-૧૭૯૮
એરંડા-
બાજરી-૪૧૦-૫૧૦
જુવાર-૪૫૫-૬૦૦

બાબરા
કપાસ-૧૩૧૨-૧૫૫૮
મગ-
ચણા-
ઘઉં-૪૯૦-૫૨૦
તલસફેદ-૨૩૨૩-૨૪૩૭
જીરૂ-૪૭૪૦-૫૧૮૦
મગફળી-૧૦૮૫-૧૧૪૫

બાજરો-

ધારી
કપાસ-
ધાણા-૧૦૬૦-૧૩૦૦
તલકાળા-૧૫૯૯-૨૪૪૯
તુવેર-૧૩૨૧-૧૩૨૧
શીંગદાણા-૧૬૫૧-૧૬૫૧
મગફળી-૧૦૫૬-૧૦૫૬
અડદ-૧૬૦૫-૧૬૦૫
મકાઈ-૩૫૫-૩૫૫
ઘઉં-૫૦૨-૫૧૫
સોયાબીન-૮૨૫-૮૩૧

*સાવરકુંડલા માર્કેટયાર્ડ*
શીંગમોટી-૧૧૦૦-૧૨૨૧
શીંગદાણા-૧૫૦૦-૧૭૦૦
જીરૂ-
તલસફેદ-૨૧૫૩-૨૫૬૦
કપાસ-૧૨૫૦-૧૫૫૦
ઘઉંલોકવન-૪૭૦-૫૫૦
મગ-૧૪૦૦-૧૫૪૫
ઘઉંટુકડા-૪૮૦-૫૬૦
ચણા-૧૧૦૦-૧૩૦૩
એરંડી-૧૧૦૦-૧૧૬૮
જુવાર-૬૦૦-૮૦૦
બાજરો-૩૫૦-૪૩૦
સોયાબીન--૮૩૫

ખાંભા
કપાસ-૧૧૫૬-૧૨૦૦
જુવારસફેદ-૬૦૦-૭૯૫
ચણા-૧૦૯૦-૧૦૯૦
તલસફેદ-
જીરૂ-
શીંગદાણા-
મગફળી-
એરંડા-

બગસરા
જુવાર-૮૦૦-૮૦૦
કપાસ-૧૦૦૦-૧૨૬૦
ચણા-૧૧૨૫-૧૨૪૬
શીંગફાડા-૧૩૪૦-૧૪૭૦
મગ-૧૫૮૧-૧૫૮૧
શીંગદાણા-૧૧૮૩-૧૬૦૦
ઘઉંલોકવન-૪૨૫-૫૪૦
બાજરો-૪૪૨-૪૪૨
તલસફેદ-૨૨૫૦-૨૩૬૫
મગફળી-૧૧૨૫-૧૧૨૫
સોયાબીન-૭૯૦-૮૨૨
એરંડી-૧૦૦૦-૧૦૦૪
ડુંગળી-૪૦૦-૪૦૦

*અમરેલીફ્રુટમાર્કેટભાવ*
ચીકુ-૫૦૦-૧૧૦૦
દાડમ-૫૦૦-૧૨૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૧૮૦૦-૨૫૦૦
કીવી-૪૦૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૭૦૦-૨૫૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
ખારેક-૧૦૦-૧૪૦૦
કેળા-૨૫૦-૩૬૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૭૦૦-૩૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ૧મ તાપમાન ૩૧.૮
ન્યુનતમ તાપમાન ૨૬.૭
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૬.૩

